**<u>સ્પે.દિ.મુ.નં. ૧૨/૨૦૨૧</u>**

**:: <u>આંક ૧ લગત હુકમ</u> ::**

સદર કામના વાદી ધ્વારા હાલનો દાવો વેચાણ દસ્તાવેજ રદ્દી કરણ અને કરારના વિશીષ્ટ પાલન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા તા.૧૫/૧/૨૦૨૧ ના રોજ દાખલ કરેલ.

સદર કામનુ રેકર્ડ ધ્યાને લેતા અત્રેની કોર્ટ ધ્વારા આંક–૧૮ થી તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ મુદદા ઘડવામા આવેલ છે અને ત્યારબાદ કામ વાદીના પુરાવા માટે રાખવામા આવેલ છે અને વાદીને નોટીસ કાઢવામા આવેલ છે. સદર કામે અત્રેની કોર્ટ ધ્વારા ત્યારબાદ વાદીને લોક અદાલતની નોટીસ પણ કાઢવામા આવેલ જે નોટીસ વાદીને તા.૧૧/૯/૨૦૨૫ ના રોજ બજી ગયેલ હોવાનુ નોટીસ પરત કરનાર બેલીફશ્રીના શેરા આધારે ફલિત થાય છે. પરંતુ વાદી કે, તેમના વિ.વ.શ્રી ત્યારબાદ હાલના કામે હાજર થયેલ નથી અને પુરાવો રજુ કરેલ નથી.

આજરોજ પણ વાદી તથા તેમના વિ.વ.શ્રીનો વાંરવાર પોકાર કરાવવા છતા બંને સીટીંગમા કોઈ હાજર નથી અને કોઈ પુરાવા બાબતે કોઈ અરજી કે, રીપોર્ટ રજુ ન હોઈ સદર કેસનુ રેકર્ડ જોતા કામ લાંબા સમયથી પુરાવા પર હોઈ પરંતુ વાદી હાજર રહી કામ આગળ ચલાવતા ન હોઈ વાદીને સદર દાવો ચલાવવામા રસ ન હોવાનુ માનવાને કારણ રહે છે. વધુમા સદરહુ કામમા પુરાવો રજુ થતો ન હોઈ હાલની ફાઈલ માત્ર પેન્ડેન્સીમા વધારો કરનારી હોઈ વાદીનો દાવો વાદીની સતત ગેર હાજરીના કામે કાઢી નાખવુ જ ન્યાયોચિત જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**// હુકમ //**

આથી વાદીની દાવા અરજી સી.પી.સી.ઓર્ડર–૯, રુલ–૩ મુજબ વાદીની સતત ગેર હાજરી તથા સામેપક્ષની પણ ગેર હાજરીના કારણે કાઢી નાખવાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

સદરહ હુકમ આજરોજ તા.૨૨ મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

(સી.કે.પીપલીયા)
બીજા એડી. સીનીયર સીવીલ જજ,
ગાંધીનગર
જી.જે.૦૦૯૯૪

તા.૨૨/૧૨/૨૦૨૫
ગાંધીનગર.